# 1 ચિત્રકલાનાં સાધનોની ઓળખ અને તેનો ઉપયોગ

## ચિત્રકલાનાં સાધનોની ઓળખ અને તેનો ઉપયોગ

આગળના ધોરણમાં તમે ચિત્રકલાનો અભ્યાસ કર્યો જ છે અને ચિત્ર દોરવાની કલા કેટલાક અંશે પ્રાપ્ત કરી છે. પરંતુ પદ્ધતિસર અને વિષયને અનુરૂપ યોગ્ય ચિત્ર તૈયાર કરવા યોગ્ય સાધનોનો ઉપયોગ કરવો જરૂરી છે. તેથી ચિત્રકલાનાં સાધનોની ઓળખ અને ઉપયોગ સમજવો જરૂરી છે.

### પેન્સિલ (Pencil)



પેન્સિલનો ઉપયોગ બધા જ કરતા હોય છે પરંતુ ચિત્ર દોરવા માટે પેન્સિલ મહત્ત્વનું સાધન છે. પેન્સિલના સામાન્ય રીતે બે પ્રકાર છે : 'B' ગ્રેડ સીરિઝની પેન્સિલ અને 'H' ગ્રેડ સીરિઝની પેન્સિલ. 'B' સીરિઝની પેન્સિલોમાં B, 2B, 3B, 4B, 5B, 6B એમ અલગ અલગ ગ્રેડની પેન્સિલો મળે છે. 'B' સીરિઝની પેન્સિલનો જેમ જેમ નંબર વધતો જાય તેમ તેમ તે વધુ કાળી અને પોચી બનતી જાય છે એટલે કે '6B' સૌથી વધુ કાળી અને પોચી પેન્સિલ છે. એટલે જો માનવસર્જિત પદાર્થ ચિત્ર કે અન્ય ચિત્રમાં છાયા-પ્રકાશ કરવા માટે '6B' પેન્સિલનો ઉપયોગ કરવો સૌથી વધુ ઉત્તમ છે. 'H' સીરિઝની પેન્સિલમાં H, 2H, 3H, 4H, 5H અને 6H પેન્સિલ મળે છે.



'H' સીરિઝનો નંબર જેમ જેમ વધતો જાય તેમ તેમ તે વધુ સખત હોય છે. આ પ્રકારની પેન્સિલનો ઉપયોગ ઇજનેરી શાખામાં ભણતા વિદ્યાર્થીઓ કરે છે કારણ કે તેમને પેન્સિલના જાડા પૉઇન્ટને બદલે એકદમ અણીવાળા પૉઇન્ટની જરૂર હોય છે તેથી ઇજનેરી શાખાના વિદ્યાર્થીઓ ઉપયોગ કરે છે.

આ સિવાય મધ્યમ કક્ષાની ગણાતી પેન્સિલ 'HB' ગ્રેડ હોય છે. જે બંને પ્રકારના મિશ્રણવાળી હોય છે તેથી સામાન્ય ઉપયોગ માટે 'HB' પેન્સિલ વધુ વપરાય છે.

આ માહિતી પરથી તમને ખ્યાલ આવી ગયો હશે કે કઈ પેન્સિલનો ઉપયોગ ક્યાં કરવો તે સમજાશે.

## રબર (Eraser)




પેન્સિલનો ઉપયોગ કરીએ ત્યારે રબર સાથે રાખવું જ પડે છે કારણ કે પેન્સિલથી દોરેલી લીટી કે આકાર બરાબર ન લાગે એટલે તેને દૂર કરવા માટે રબરનો ઉપયોગ કરવો જ પડે છે. બજારમાં ઘણા પ્રકારનાં રબર મળે છે પણ તેમાં નરમ હોય અને કાગળમાં ડાઘ ન પડે તેવું રબર ઉત્તમ ગણાય છે તેથી તે પ્રકારનું રબર ઉપયોગમાં લેવું.

## રંગ (Colour)

ચિત્ર દોર્યા પછી તેમાં ચિત્રના વિષય પ્રમાણે વિવિધ રંગો પૂરવાના હોય છે. રંગો વિવિધ પ્રકારના હોય છે :




જળરંગો(Water Colour), ઑઇલ(Oil Colour), એક્રેલિક રંગો, ઑઇલ પેસ્ટલ અને ડ્રાય પેસ્ટલ વગેરે રંગો. આ ધોરણમાં તમારે માત્ર જળરંગોનો જ ઉપયોગ કરવાનો હોવાથી પોસ્ટર રંગો અને ટ્યૂબના રંગોનો જ ઉપયોગ કરવાની સલાહ છે. તેમ છતાં જળરંગો પૂર્યા પછી ચિત્રને આકર્ષક બનાવવા જૂજ પ્રમાણમાં સ્કેચપેનના રંગોનો ઉપયોગ કરી શકાય છે.

## પીંછી (Brush)

ચિત્રમાં રંગ પૂરવા માટે પીંછીની જરૂર પડે છે. શીશીમાંથી કે ટ્યૂબમાંથી રંગ ડિશમાં કાઢવા કે તેમાં પાણી ઉમેરીને રંગ તૈયાર કરવા તથા તૈયાર થયેલા રંગને ચિત્રમાં પૂરવા પીંછીનો ઉપયોગ કરવો પડે છે. પીંછીના સામાન્ય રીતે બે પ્રકાર છે : ગોળ પીંછી અને ચપટી પીંછી. આ ધોરણમાં તમારે ખાસ કરીને ગોળ પીંછીનો ઉપયોગ કરવાનો છે. તેથી ગોળ પીંછીના પ્રકાર એટલે પાતળી અને જાડી પીંછીને ઓળખવી જરૂરી છે.

દરેક પીંછી ઉપર નંબર છાપેલા હોય છે. સામાન્ય રીતે 00 નંબરથી 6 નંબર સુધીની પીંછીઓ તમારા માટે વધુ ઉપયોગી છે. તેનાથી વધુ નંબરવાળી ગોળ કે ચપટી પીંછીઓ ચિત્રકારો કે રંગકામ કરનારા કારીગરો વાપરે છે. પીંછીનો જેમ નંબર વધે તેમ તેનો ઘેરાવો જાડાપણું વધે છે. એટલે 00 નંબર કરતાં 1 કે 2 નંબરની પીંછી જાડી હોય છે. તમારે ઓછામાં ઓછી ત્રણ-ચાર પીંછીની જરૂર પડે છે તેથી પાતળી કે ઓછી જગ્યામાં રંગ પૂરવા 3, 4 નંબર અને મોટા ભાગમાં રંગ પૂરવા 5, 6 નંબરની પીંછીનો ઉપયોગ કરવો જોઈએ. તેમ છતાં તમે તમારી અનુકૂળતા પ્રમાણેની ગોળ કે ચપટી પીંછીનો ઉપયોગ કરી શકો છો.



ચપટી પીંછી (Flat Brush)



ગોળ પીંછી (Round Brush)

## ડિશ (Dish)



ચિત્રમાં રંગ પૂરવા માટે રંગ અને પીંછીની સાથે ડિશની જરૂર પડે જ છે. ડિશ એ જરૂરિયાત મુજબ રંગને તૈયાર કરવાનું સાધન છે. શીશીમાંથી જરૂરિયાત મુજબ પીંછીથી રંગ કાઢીને ડિશમાં લેવો પછી તેમાં જરૂરિયાત મુજબ પીંછી વડે જ પાણી ઉમેરવું અને પીંછીથી હલાવી બરાબર મેળવણી કરવી. પાણી ઉમેરતાં ખાસ કાળજી રાખવી કારણ કે પાણી સહેજ પણ વધુ પડી જશે તો રંગ પાતળો થઈ જશે. એક રંગમાંથી બીજા રંગમાં પીંછી નાખતાં પહેલાં પીંછીને ચોખ્ખા પાણીથી ધોઈને લૂછી લેવી જરૂરી છે. જેથી એકબીજા રંગ ભેગા થઈ ન જાય. ચિત્રમાં રંગનું કામ પૂરું થયા પછી પીંછી અને ડિશને સ્વચ્છ પાણીથી ધોઈ નાખવા જરૂરી છે.



## કંપાસબૉક્સનાં સાધનો (Geometry Box)

ચિત્ર દોરવા માટે કંપાસબૉક્સનાં સાધનોનો ઉપયોગ કેટલીક વખત કરવો પડે છે. તેથી તેમાં કયાં કયાં સાધનો આવે છે અને કઈ રીતે ઉપયોગ થાય છે તે સમજવું જરૂરી છે. તેની વિગતવાર ઓળખ કરીએ :

### માપપટ્ટી (Scale) :

કંપાસબૉક્સમાં નાની માપપટ્ટી આવે છે તેની એક તરફ 0 થી 15 સેન્ટિમીટર અને બીજી તરફ 0 થી 6 ઇંચનાં માપ દર્શાવેલાં હોય છે. સામાન્ય રીતે વિદ્યાર્થીઓએ સેન્ટિમીટરના માપનો ઉપયોગ કરવાનો હોય છે. આપેલાં માપ મુજબ સીધી લીટી દોરવા માટે માપપટ્ટી વપરાય છે. નાના માપ લેવા માટે આ કંપાસબૉક્સમાંની માપપટ્ટી વપરાય છે. પરંતુ ચિત્ર દોરવા માટે મોટી એટલે 0 થી 30 સેમીની અને બીજી તરફ 0 થી 12 ઇંચનાં માપ



દર્શાવેલ હોય તેવી માપપટ્ટીની જરૂર પડે છે. તેથી તમારે આ મોટી માપપટ્ટીનો ઉપયોગ કરવો જરૂરી છે.



**(1) કાટકોણ ત્રિકોણ (Set Square) :** કંપાસબૉક્સમાં પ્લાસ્ટિકનો કાટકોણ ત્રિકોણ આવે છે. તેમાં એક ખૂણો $90^{\circ}$ નો અને બાકીના બે ખૂણા $45^{\circ}$ ના હોય છે. આ માપના ખૂણા ઓછા સમયમાં દોરવા માટે આ ત્રિકોણનો સીધો ઉપયોગ કરવામાં આવે છે.

**(2) લઘુકોણ ત્રિકોણ (Set Square) :** કંપાસબૉક્સમાં પ્લાસ્ટિકનો બીજો ત્રિકોણ આવે છે. તેમાં ત્રણે ખૂણાનાં માપ અલગ અલગ હોય છે. એક ખૂણો $90^{o}$ નો (કાટખૂણો), બીજો ખૂણો $30^{o}$ નો અને ત્રીજો ખૂણો $60^{o}$ નો હોય છે તેથી તેને લઘુકોણ ત્રિકોણ કહે છે. આ માપના ખૂણા ઓછા સમયમાં દોરવા માટે સીધેસીધો આ ત્રિકોણનો ઉપયોગ થાય છે.



**(3) કોણમાપક (Protractor) :** આ સાધનને કોણમાપક એટલે કે ખૂણા માપવાનું સાધન કહે છે. આ અર્ધ વર્તુળાકાર સાધન ઉપર ડાબેથી જમણી તરફ અને જમણેથી ડાબી તરફ વંચાય તે રીતે $0^{o}$ થી $180^{o}$ ખૂણાનાં માપ (અંશ) લખેલા હોય છે. તેથી કોઈ પણ માપનો ખૂણો દોરવા માટે કે દોરેલા ખૂણાનું માપ જાણવા માટે આ કોણમાપકનો ઉપયોગ થાય છે.



**(4) કંપાસ(પરિકર)(Compass Self Celtering) :** કંપાસબૉક્સમાં વર્તુળ દોરવા માટેનું એક સાધન આવે છે. આ સાધનમાં પેન્સિલ ભરાવી શકાય તેવી સગવડ હોય છે. તેથી તેમાં પેન્સિલ ભરાવીને જે ત્રિજ્યાના માપનું વર્તુળ દોરવું હોય તેટલા માપ ઉપર કંપાસની અણી 0 ઉપર અને પેન્સિલની અણી આપેલા માપ ઉપર મૂકીને માપ લેવું પછી કાગળ ઉપર તે માપનું વર્તુળ તેના વડે દોરી શકાય છે. વર્તુળ દોરતી વખતે કાગળને ગોળ ન ફેરવતાં કંપાસને (પરિકર) ગોળ ફેરવવો.




**(5) વિભાજક (Divider):** કંપાસબૉક્સમાં બે અણીવાળું કંપાસ જેવું જ સાધન આવે છે તેને વિભાજક કહેવાય છે. આ સાધનમાં પેન્સિલ ભરાવવાની હોતી નથી કારણ કે વર્તુળ દોરવા માટે આ સાધન વપરાતું નથી. પરંતુ બે લીટી વચ્ચેનું માપ કેટલું છે તે જાણવા માટે કે આપેલા માપનો જ બીજો ખૂણો માપવા માટે આ સાધનનો ઉપયોગ થાય છે. કંપાસની જેમ આ સાધનથી પણ નાનામોટા માપનું કામ કરી શકાય છે.

## સ્વાધ્યાય

### 1. યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(1) છાયાપ્રકાશ કરવા માટે કયા ગ્રેડ (સીરિઝ)ની પેન્સિલ વધુ વપરાય છે ?

(A) 'B' સીરિઝ (B) 'H' સીરિઝ (C) 'K' સીરિઝ (D) 'D' સીરિઝ

(2) કઈ સીરિઝની પેન્સિલનો ઉપયોગ ઇજનેરી શાખાના વિદ્યાર્થીઓ કરે છે ?

(A) 'B' સીરિઝ (B) 'H' સીરિઝ (C) 'K' સીરિઝ (D) 'D' સીરિઝ

(3) કંપાસબૉક્સમાં આપેલી માપપટ્ટી કેટલા સેન્ટિમીટરની હોય છે ?

(A) 30 સેમી (B) 20 સેમી (C) 15 સેમી (D) 10 સેમી

(4) $90^{o}$નો ખૂણો બનાવવા કંપાસમાં આપેલા કયા સાધનનો ઉપયોગ કરીશું ?

(A) માપપટ્ટી (B) પરિકર (C) વિભાજક (D) કાટકોણ

(5) કોઈ પણ માપનો ખૂણો માપવા માટે કે દોરવા માટે કયા સાધનનો ઉપયોગ થાય છે ?

(A) કોણમાપક · (B) પરિકર (C) વિભાજક (D) ફૂટપટ્ટી

**શિક્ષક માટે**

ચિત્રકલાનાં તમામ સાધનો એક પછી એક વિદ્યાર્થીઓને બતાવવાં અને ઉપયોગ કઈ રીતે થાય છે તે પ્રત્યક્ષ બતાવવું.

કંપાસબૉક્સનાં તમામ સાધનો એક પછી એક વિદ્યાર્થીઓને બતાવવાં અને તેનો ઉપયોગ પ્રત્યક્ષ રીતે સમજાવવો. દરેક સાધન બતાવતી વખતે વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછીને ચિત્ર શિક્ષકે જાણી લેવું કે વિદ્યાર્થીઓ સાધનને ઓળખે છે કે કેમ ?

ચિત્રપોથીમાં પ્રથમ પાને કંપાસબૉક્સનાં સાધનોનો ઉપયોગ કરીને સીધી લીટી, વિવિધ માપના ખૂણા, વર્તુળ, ત્રિકોણ વગેરે દોરવા.



કલાત્મક ટેક્ષ્ચર